સે. ૨૪માં ૩૦ વર્ષીય યુવાન કોરોના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ મળી આવ્યો છે. શહેરમાં કોરોનાનો આ ચોથો કેસ નોંધાતા તંત્રએ સતર્ક બની સર્વેલન્સને સઘન બનાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા સેક્ટર-૨૪ માંથી આ કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે. સે. ૨૪ માંથી આજે એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હાલ ૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. છેલ્લા ૧૦ દિવસમાં આ ચોથો કેસ નોંધાયો છે. બિન સત્તાવાર સૂત્રોમંથી મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા ૪ દર્દીઓએ વેક્સિન લીધી છે છતાં પણ તેમના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૪માંથી આજે મળેલ દર્દી મુંબઈ જઈ પરત આવ્યો હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં નોંધાયેલા ૪એ દર્દીએ હાલ હોમ આઈસોલેશન હેઠળ છે. જો કે બીજી તરફ તંત્રએ દાવો કર્યો છે કે સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. શહેરમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગના અસરકારક અમલીકરણ માટે તંત્રને સૂચના આપવામાં આવી છે.

નવો વળાંક : ડસ્ટબીન મામલે શહેરના પ્રબુદ્ધ નાગરિકો મનપાની પડખે

પૂર્વ ગૃહ મંત્રી મહેન્દ્ર ત્રિવેદીની જાહેર અપીલને શહેરના પ્રબુદ્ધ નાગરિકોનો ટેકો : પર્યાવરણના જતનની જવાબદારી દરેક પરિવારની, મનપાને સહકાર આપો : મહેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગર તા.૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરાયેલા સૂકા-ભીના કચરાને અલગ અલગ તારવીને આપવામાં આવશે તો જ ઘરે ઘરેથી કચરો એકત્ર કરાશે તેવા ફરમાન બાદ શહેરમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નગરજનોને મનપા પહેલાં બે ડસ્ટબીન પુરી પાડે પછી જ અલગ અલગ કચરો આપવામાં આવશે તેવો આગ્રહ વ્યક્ત કરાયો છે જેના કારણે સામસામી મડાગાંઠની સ્થિતિ સર્જાઈ છે. આ સમયે પાટનગરમાં રહેતા રાજ્યના પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા પર્યાવરણના જતનની જવાબદારી દરેક પરિવારની હોવાનો હવાલો આપીને મનપાના સૂકો-ભીનો કચરો અલગ રાખવાના પ્રયાસને સફળ બનાવવા જાહેર અપીલ કરવામાં આવી છે જેને ગાંધીનગરના કેટલાક પ્રબુદ્ધ નાગરિકોએ ટેકો આપ્યો છે.

સોશિયલ મીડિયાના માધ્યમ થકી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ગાંધીનગરનાં નાગરીકોને કરેલ જાહેર અપીલમાં તેમણે જણાવ્યું છે કે સમગ્ર વિશ્વમાં પ્રકૃતિ જે પ્રકારે રૌદ્ર સ્વરૂપ બતાવી રહી છે તેવા સંજોગોમાં આ ધરતી પર હવે એક નાનકડો પ્લાસ્ટિકનો કાગળ પણ નાખવા આપણે નિમિત્ત ના બનીએ તે આપણા સૌના અસ્તિત્વ માટે જરુરી છે.

છેલ્લા કેટલાય વર્ષોમાં આખા વિશ્વના નાગરિકો દ્વારા જે પ્રકારે પ્રકૃતિને નુકસાન કરવામાં આવ્યું છે તેનાથી આવનારા વર્ષો આપણા અને આપણી ભવિષ્યની પેઢીના અસ્તિત્વને જોખમમાં મૂકવાના છે અને એટલે તેઓ દૃઢપણે એવું માને છે કે માત્ર દોઢસો રૂપિયાની એક કચરાપેટી નહીં પરંતુ વર્ષે જેમ એક પરિવારનું હરવા-ફરવા અને મનોરંજનનું બજેટ ૪૦થી ૫૦ હજાર રૂપિયાનું હોય છે તેમજ પર્યાવરણની સુરક્ષા માટે પણ દરેક પરિવારે દર વર્ષે ખર્ચ કરવાની ટેવ વિકસાવવી પડશે. જો આવું કરવામાં નહિ આવે તો દર વર્ષે પાંચથી દસ લાખ રૂપિયા હોસ્પિટલ પાછળ અને પ્રાકૃતિક તોફાનોથી બચવાની વ્યવસ્થા માટે ખર્ચવા પડશે તેવી ચેતવણી ઉચ્ચારતા તેમણે ગાંધીનગરના પ્રકૃતિ પ્રેમી નગરજનોને મનપાના કચરો અલગ રાખવાના પ્રયાસને સફળ બનાવવામાં ભાગીદાર થવા અપીલ કરી છે. તેમની આ અપીલમાં શહેરના અનેક પ્રબુધ્ધ નાગરિકોએ ટેકો આપ્યો છે જેના પગલે હવે શહેરમાં ડસ્ટબીન મુદ્દે એક નવો પરિમાણ ઉભો છે.

એક તરફ મનપા ડસ્ટબીન આપે તેવો આગ્રહ રાખનારી શહેર વસાહત મહાસંઘ સહિતની સ્વૈચ્છિક સંસ્થાઓ છે જ્યારે બીજી તરફ મનપાની પડખે શહેરના પ્રબુધ્ધ નાગરીકો છે ત્યારે આ જંગ આગામી સમયમાં કેવો રંગ લાવશે તે જોવું રસપ્રદ બનશે તેવું જણાઈ રહ્યું છે.

જાહેર અપીલમાં જોડાયેલા પચ્ચીસ પ્રબુધ્ધ નાગરિકો

રાજ્યના પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા મનપાને સુકો-ભીનો કચરો અલગ અલગ એકત્ર કરવાના પ્રયાસમાં ભાગીદાર બનવા કરવામાં આવેલી જાહેર અપીલમાં અપીલને શહેરના જે પ્રબુદ્ધ નાગરીકો દ્વારા ટેકો આપવામાં આવ્યો છે તેમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, વેસ્ટર્ન એગ્રો સીડ્સના એન. પી. પટેલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના જીલુભા ધાંધલ, આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલ, રેશનલ સમાજ અને નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ, શિવરંજનીના વાગ્મિનભાઈ બુચ, સાહિત્ય સભાના સંજય થોરાત, ગાંધી વિચાર વર્તુળના ભાનુપ્રસાદ પુરાણી, ડંકેશ ઓઝા, ડો.ચેતના બુચ, રમેશભાઈ પટેલ, દિનેશસિંહ ચાવડા, અશોકભાઈ ત્રિવેદી, વિક્રમભાઈ જાની, જશવંત ગાંધી, પ્રો.ધર્મેન્દ્ર પટેલ, પ્રકાશ લાલા સહિત અન્ય અગ્રણી નાગરિકોનો સમાવેશ થાય છે

જાણે ઉનાળો આવી ગયો હોય તેવી ગરમી હાલમાં પડી રહી છે. હમણાં તો દૂર દૂર સુધી વરસાદના કોઈ એંધાણ જોવા મળતા નથી. વરસાદ ન હોવાથી અસહ્ય બફરો અને ગરમી અનુભવાઈ રહ્યા છે. ગરમીથી રાહત મેળવવા શ્રમિક પરિવાર ફૂટપાથ પર વૃક્ષ નીચે આશરો લઈ રહ્યો છે. વૃક્ષની ડાળ પર ખોયુ બાંધીને સુવડાવવામાં આવેલું બાળક થાકેલું છે પરંતુ ગરમીના કારણે સુઈ શકતું નથી. અનેક પ્રયત્નો બાદ બાળક નીંદરમાં ઘેરાય છે તેની લાક્ષણિક તસ્વીર કેમેરામાં કેદ થઈ છે.

મનપામાં નવા ભેળવાયેલા વિસ્તારોમાં આગામી માસથી મિલ્કતોનો સર્વે શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં મનપાના વેરાઓની વસુલાતને લઈ મિલ્કતોના સર્વેની કામગીરી આગામી માસથી શરૂ કરવા અંગે તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

જી.આઈ.એસ. સિસ્ટમથી આ સર્વે હાથ ધરવામાં આવશે. આ કામગીરી ત્રણેક માસમાં જ પૂર્ણ થાય તેવુ આયોજન હાલ તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં નવા સમાવાયેલા વિસ્તારોમાં સર્વેની કામગીરી દરમ્યાન કઈ-કઈ ખૂટતી કડીઓ છે તેને પણ અલગ તારવવામાં આવશે અને તે પછી વિકાસના કામોનું પણ આયોજન અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં હાલ ૧ ન.પા. તેમજ ૧૮ ગામને ભેળવવામાં આવેલ છે અને અંદાજે એક લાખથી વધુ મિલ્કતોના સર્વે કરવાની કામગીરી થશે. જો કે આ પ્રપાથમિક અંદાજ છે. જે રીતે ન્યુ ગાંધીનગર વિસ્તાર વિકસ્યો છે અને હાલ વિકાસ હેઠળ છે તેને કારણે સર્વેની કામગીરી ૩ માસથી પણ વધુ સમય પણ ચાલી શકે છે. ગામ તળમાં પણ જે મકાનો છે તેનું પણ સર્વે કરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ૧૬૯ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન

ગાંધીનગરના ૨૦, કલોલના ૧૯, માણસાના ૪૮ અને દહેગામના ૮૨ ગામોમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૬૯ જેટલા ગામોમાં કોરોના વેક્સિનેશનની પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાન અંતર્ગત ૧૪,૨૮૯ લોકોને આવરી લેવામાં આવ્યા હતા જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૧,૨૫૮ લોકોને અને શહેરમાં ૩૦૩૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા થઈ ગઈ છે તેમાં કલોલના ૧૯, ગાંધીનગરના ૨૦, માણસાના ૪૮, દહેગામના ૮૨ ગામનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬,૫૫,૧૯૨ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ તેમજ ૧,૮૨,૮૯૯ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશન અભિયાનમાં ૪,૪૯,૨૫૨ પુરૂષ અને ૩,૮૮,૭૨૬ મહિલાઓને આવરી લેવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પોલિંગબુથ પેટર્ન પર વેક્સિનેશન અભિયાન આગળ વધી રહ્યાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. વેક્સિનેશન અભિયાનને યુવાઓએ સૌથી વધુ સારો પ્રતિસાદ આપ્યો હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે. વેક્સિનની કોઈ આડ અસર નહિ હોવાનું પણ સૂત્રોએ કહ્યુ હતુ.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ થી ૪૪ના વયજૂથમાં ૩,૯૯,૨૩૦ લોકોને ૪૫ થી ૬૦ના વયજૂથમાં ૨,૭૨,૧૧૫ લોકોને અને ૬૦થી વધુ વયના ૧,૬૬,૭૪૬ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે ૩૦૩૧ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. શહેરમાં વેક્સિનેશનનો પ્રથમ ડોઝ ૩,૨૭,૫૩૦ લોકોને અને બન્ને ડોઝ ૧,૧૬,૨૭૮ લોકોને આપવામાં આવ્યા છે.

શહેરમાં ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ૨,૭૩,૦૬૧ લોકોને ૪૫ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૧,૦૭,૭૫૫ તેમજ ૬૦ થી વધુ વય ધરાવતા ૬૨,૯૯૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

શહેરમાં વેક્સિનના બન્ને ડોઝ લેનારાઓની ટકાવારી ૪૫ ટકાને પાર કરી ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે. શહેરમાં વેક્સિનેશન અભિયાનને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. જો કે ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ઘણો સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

જિલ્લામાં ૮૦૦ બાળકો અતિ કુપોષિતમાં : પોષિત કેટેગરીમાં લાવવા સઘન અભિયાન કરો : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં અતિ કુપોષિત બાળકો જે ૮૦૦ જેટલા છે તેમને ઝડપથી ગ્રીન ઝોનમાં લાવવા તંત્રને સઘન અભિયાન હાથ ધરવા જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યુ છે.

જિલ્લામાં કુપોષણની સમસ્યા સહિત મહિલા-બાળ વિકાસ યોજનાની ત્રિમાસિક સમીક્ષા બેઠકમાં કલેક્ટરે કુપોષણ નિવારણ માટે મિલ્ક યોજના તેમજ અન્ય યોજનાઓ માટે સેવાભાવી સંસ્થાઓનો સહયોગ વધુ ને વધુ મેળવવા પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં જે આંગણવાડી કેન્દ્રોના સંસ્થાકીય બેંક ખાતાઓ નથી ખુલ્યા તે માટે તેમણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીને એક સપ્તાહમાં આ કામગીરી સંપન્ન થાય તે જોવા જણાવ્યુ હતુ.

તેમણે જિલ્લાની જર્જરિત આંગણવાડીઓના મરામતની કામગીરીમાં વેગ લાવવા તેમજ આંગણવાડી કેન્દ્રોમાં ખુટતી સુવિધાઓની કામગીરી પણ ઝડપથી પુરી થાય તે માટે ભાર મુક્યો હતો. તેમણે આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે જોવા પર પણ ભાર મુક્યો હતો.

જે આંગણવાડીઓ પાસે પોતાના મકાન નથી તે આંગણવાડીઓના મકાન નિર્માણની કામગીરી અંગે જરૂરી આયોજન કરી આગામી દિવસોમાં આ દિશામાં નક્કર કામગીરી કરવામાં આવે તેમ જણાવ્યુ હતુ.

તેમણે આંગણવાડી કેન્દ્રો સુવિધાયુક્ત બને તેમજ તેની સમય-મર્યાદામાં જ નવા મકાનોનું કામ પૂર્ણ થાય તે જરૂરી છે. તેમણે આ બાબતમાં જરૂર પડ્યે સાંસદ અને ધારાસભ્યોની ગ્રાન્ટનો પણ ઉપયોગ કરી શકાય તેવો આગ્રહ કર્યો હતો.

દ્વારકાધીશ મંદિર જન્માષ્ટમી તહેવાર દરમિયાન ખુલ્લું રહેશે

દેવભૂમિ દ્વારકા,તા.૨૬

દ્વારકાધીશના ભક્તો માટે ખુશીના સમાચાર છે. જન્માષ્ટમી પર દ્વારકાનું જગત મંદિર ખુલ્લું રહેશે. મંદિરમાં ભક્તો રાબેતા મુજબ દર્શન કરી શકશે. દ્વારકા મંદિર વ્યાવસ્થાપન સમિતિ અને દ્વારકાના જિલ્લા કલેક્ટર દ્વારા આ માહિતી આપવામાં આવી છે. મહત્વનું છે કે જન્માષ્ટમીના દિવસે દ્વારકામાં ભગવાનના દર્શન કરવા માટે લાખો ભક્તો આવતા હોય છે. પાછલા વર્ષે કોરોનાને કારણે મંદિર બંધ રહ્યું હતું. ત્યારે આ વખતે ભક્તો અહીં દર્શન કરી શકશે. દર્શનાર્થે આવતા દરેક ભક્તોએ કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરવું પડશે.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબર: L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦ ફેક્સ: +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, વેબસાઇટ: www.gspcgroup.com ઇમેઇલ: investors.gspl@gspc.in

વીડીઓ કોન્ફરન્સીગ (વીસી) / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) મારફતે યોજાનાર ૨૩મી (તેવીસમી) વાર્ષિક સાધારણ સભા, ઇ-મેઇલ આઇડી / મોબાઇલ નં / બેન્ક મેન્ડેટ્સ અપડેશન અને ડીવીડન્ડસની આવક પર ટીડીએસી શેરધારકોને નોટિસ.

૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૩મી વાર્ષિક સાધારણ સભા :

આથી નોટિસ આપવામાં આવે છે કે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ (“કંપની”)ના શેરધારકોની ૨૩મી (ત્રેવીસમી) વાર્ષિક સાધારણ સભા (“એજીએમ“) તા.૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરનાં ૩:૦૦ વાગ્યે કંપની કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ ને કોર્પોરેટ બાબતોનાં મંત્રલાય દ્વારા જારી કરાયેલ (“એમસીએ પરિપત્રો”) સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૧ તા.૧૩મી જાન્યુઆરી,૨૦૨૧ અને સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરાયેલ સેબીનાં પરિપત્રતા.૧૨મી મે,૨૦૨૦ અને સેબીનાં પરિપત્ર તા.૧૫મી જાન્યુઆરી,૨૦૨૧(સેબી પરિપત્ર)ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ ખાસ અને સાધારણ કામકાજની કાર્યવાહી કરવા માટે વીડીયો કોન્ફરન્સીંગ (“વીસી”) / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો (“ઓએવીએમ”) મારફત યોજવામાં આવશે. સભ્યો માત્ર વીસી / ઓએવીએમ મારફત જ મીટીંગમાં જોડાઈને ભાગ લઈ શકશે. ૨૩મી એજીએમમાં જોડાવાની સુચના અને રિમોટ ઈલેક્ટ્રનિક વોટિંગ અથવા ૨૩મી (ત્રેવીસમી) વાર્ષિક સાધારણ સભા દરમ્યાન ઈ-વોટિંગ પધ્ધતિથી મતદાન માં ભાગ લેવાની પ્રક્રિયા ૨૩મી એજીએમની નોટિસમાં પુરી પાડેલ છે. કંપની કાયદો ૨૦૧૩ હેઠળ વીસી / ઓએવીએમ મારફત એજીએમ માં ભાગ લેનાર સભ્યોની ગણતરી હાજર સભ્યોની ગણતરીમાં (કોરમની ગણતરીમાં) લેવાશે.

૨. વીસી / ઓએવીએમ દ્વારા કંપનીની ૨૩મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમ મારફત જ મોકલાશે :

એમસીએ પરિપત્રો અને સેબીના પરિપત્રો અનુસાર જે શેરધારકોનાં ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટીએ / ડીપોઝીટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાયેલા છે, તેઓને ૨૩મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ ૩૧મી માર્ચ, ૨૦૨૧ નાં રોજ પુરા થતાં નાણાંકિય વર્ષ અંતેના નાણાંકિય પત્રકો (ફાયનાન્શીયલ સ્ટેટમેન્ટ્સ) ઈ-મેઈલ મારફત મોકલાશે. ૨૩મી એજીએમ ની નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને કંપનીના શેર્સ લીસ્ટેડ થયેલ છે તે સ્ટોક એક્ષચેન્જીસ જેવી કે બીએસઈ લિમીટેડ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડીયા લિમેટેડwww.nseindia.com અને સેન્ટ્રલ ડિપોઝીટરી સિક્યોરીટીઝ લિમીટેડ(સીડીએસએલ)ની વેબસાઈટ www.evotingindia.com પર પણ પ્રાપ્ત થશે.

૩. ઈ-મેઈલ આઈડી અને બેન્ક મેન્ડેટ નોધાવવાની / અપડેટ કરાવવાની રીત

ઈ-મેઈલ એડ્રેસ નોંધવવાની / અપડેટ કરાવવાની રીત

જે સભ્યો એ તેમનાં ઈ-મેઈલ એડ્રેસ કંપનીના આરએન્ડટી / ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે નોંધાવેલ નથી તેઓએ તેમનાં નીચે જણાવેલ દસ્તાવેજો einward.ris@kfintech.com ઉપર ઈ-મેઈલથી મોકલીને અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ જેવા કે KFin Technologies Private Limited (‘KFintech’) ને લખવું.

ફીઝીકલ મોડમાં શેરધરાવતાં શેરધારકો માટે :

એ) તમારુ નામ, ફોલીઓ નંબર પૂરું સરનામું દર્શાવતી તમારી સહી કરેલ એક વિનંતી પત્ર, **બી)** પાન કાર્ડની સ્વ-પ્રમાણીત સ્કેન્ડ કોપી, અને, **સી)** સભ્યનાં કંપની સાથે નોંધાયેલી સરનામાનાં ટેકા માટે કોઈપણ એક દસ્તાવેજ (જેવા કે ડ્રાઈવિંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વ-પ્રમાણિત સ્કેન્ડ કોપી.

ડીમેટ મોડમાં શેરધરાવતા શેરધારકો માટે :

એ) નામ અને ડીમેટ એકાઉન્ટની વિગતો (સીડીએસએલ - ૧૬ અંકોનો બેનીફીસીયરી આઈડી અથવા એનએસડીએલ - ૧૬ અંકોનો ડીપી આઈડી + કલાયન્ય આઈડી, **બી)** કલાયન્ટ માસ્ટર અથવા કોન્સોલીડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ. **સી)** પાનકાર્ડની સ્વપ્રમાણિત સ્કેન્ડ કોપી અને, **ડી)** સભ્યોનાં કંપની સાથે નોંધાયેલા સરનામાંના ટેકો માટે કોઈપણ એક દસ્તાવેજ (જેવા કે ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ) ની સ્વપ્રમાણિત સ્કેન્ડ કોપી.

ડીમેટ મોડમાં શેર ધરાવતા શેર ધારકોએ પણ તેમનાં ઈ-મેઈલ એડ્રેસ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ સાથે અપડેટ કરાવી લેવા વિનંતી.

- ડીમેટ મોડમાં શેર ધરાવતા શેરહોલ્ડર્સને તેમનાં મોબાઈલ નં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે અપડેટ કરાવવા વિનંતી.

બેંક મેન્ડેટ નોંધવવાની / અપડેટ કરાવવાની રીત

- જે સભ્યો ફીઝીકલ ફોર્મ શેર ધરાવે છે અને ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વિસ કે અન્ય કોઈ માધ્યમો (“ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ”) મારફત ડીવીડન્ડ તેમનાં બેંક ખાતામાં સીધુ જ મેળવવા માટે તેમનો મેન્ડેટ અપડેટ કરાયેલ નથી તેઓ ઈ-મેઈલ દ્વારા einward.ris@kfintech.com. ને નીચે જણાવેલ વિગતો/દસ્તાવેજો મોકલીને અથવા કંપનીના રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર એજન્ટ જેવા કે KFin Technologies Private Limited (‘Kfintech’) લેખીતમાં મોકલીને તેમનાં બેક ખાતામાં ઈલેક્ટ્રોનિકલી સીધુ ડીવીડન્ડ મેળવવા માટે ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટની નોધણી કરાવી શકે છે.

બેન્ક મેન્ડેટ નોધાવવાની / અપડેટ કરાવવાની રીત

એ) જે ખાતામાં ડીવીડન્ડ મેળવવાનું છે તે બેંકન નામ , શાખાનું નામ અને બેંક ખાતાનો પ્રકાર **બી)** કોર બેન્કીંગ સોલ્યુશન્સનાં અમલીકરણ બાદ તમારી બેંક દ્વારા ફાળવવામાં આવેલ બેંક એકાઉન્ટ નંબર **સી)** ૧૧ આંકડાનો IFSC code અને **ડી)** કેન્સલ કરાયેલ ચેકની સ્વપ્રમાણિત સ્કેન્ડ કોપી જેના પર સભ્યનું નામ હોય, અથવા. સંયુક્ત નામનાં શેરનાં કિસ્સામાં પ્રથમ હોલ્ડરનું નામ હોય તેવા ચેકની સ્ટેન્ડ કોપી.

- ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેમની ઈલેક્ટ્રોનિક બેંક મેન્ટેડ અપડેટ કરાવી લેવા વિનંતી.

૪. એજીએમ માં પ્રસ્તાવમા મુકાયેલ ઠરાવો પર મતદાન કરવાની રીત :

કંપની તેનાં સભ્યોને એજીએમમાં પ્રસ્તાવમા મુકાયેલ ઠરાવો પસાર કરવા માટે તેમનો મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટીંગ)ની સવલત આપેલ છે. આ ઉપરાંત એજીએમ વખતે પણ ઈલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા (ઈ-વોટીંગ) કરવાની સવલત પ્રાપ્ત થશે. મીટીંગમાં ભાગ લેતાં સભ્યો કે જેઓએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપેલ નથી તેઓ તેમનો મત એજીએમ વખતે આપી શકશે. જે સભ્યો ડિમટીરલાઈઝ્ડ મોડ, ફિઝીકલ મોડ માં શેર ધરાવતા હોય અને જે સભ્યોએ તેમનું ઈ-મેઈલ સરનામુ નોંધાવ્યું નથી તેઓને રિમોટ ઈ-વોટીંગ / ઈ-વોટીંગ મારફત મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમ ની નોટિસમાં આપવામાં આવેલ છે. આ ઉપરાંત કંપનીની વેબસાઈટ www.gspcgroup.com અને સેન્ટ્રલ ડીપોઝીટરી સિક્યુરીટીઝ લિમીટેડ (સીડીએસએલ)ની વેબસાઈટ પર www.evotingindia.com પણ ઉપલબ્ધ છે.

૫. ડીવીડન્ડ, ડીવીડન્ડની રેકોર્ડ તારીખ, એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત અને ડીવીડન્ડની આવક પર વેરો :

ડીવીડન્ડ, ડીવીડન્ડની રેકોર્ડ તારીખ

કંપની એ તા. ૩જી જુન,૨૦૨૧ ના રોજ યોજાયેલ કંપની નાં બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગ માં ૩૧મી માર્ચ ૨૦૨૧ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે રૂ.૧૦.૦૦ના એક એવા પ્રતિ શેર દીઠ રૂ. ૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડની ભલામણ, આગામી એજીએમમા શેરધારકોની મંજુરીની અપેક્ષાએ ભલામણ કરેલ છે.

કંપની એ, ૩૧મી માર્ચ ૨૦૨૧ના રોજ પુરા થતા નાણાંકિય વર્ષ માટે પ્રતિ શેર દીઠ રૂ. ૨.૦૦ (એટલે કે ૨૦%) ડીવીડન્ડનાં અધિકાર માટે ગુરુવાર, ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૧ ને “રેકોર્ડ ડેટ” નક્કી કરેલ છે.

એજીએમ વખતે ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :

૨૩મી એજીએમમાં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજૂર કરવામાં આવેતો જે શેરધારકોએ તેમની બેંકની માહિત અપડેટ કરેલ છે તેઓને ઈલેક્ટ્રોનીક મોડ મારફતે ચુકવાશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ નથી. તેઓને તેમના રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ડીમાડ ડ્રાફ્ટ પોસ્ટલ સેવાઓ ઉપલબ્ધતાને આધિન રહીને મોકલાશે.

ડીવીડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવવાં માટે અને ચુકવણીની તારીખે જ પોતાનાં બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરાનાં ફકરા ૩માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

ડીવીડન્ડની આવક પર વેરો

નાણાં અધિનિયમ, ૨૦૨૦ ને અનુસરીને તા.૧લી એપ્રિલ, ૨૦૨૦થી શેરધારકોનાં હાથમાં આવતી ડીવીડન્ડની આવક વેરાપાત્ર ગણાશે અને કંપનીએ શેરધારકોને ચુકવેલ ડીવીડન્ડ પર (ટીડીએસ) સ્ત્રોત પર પ્રવર્તમાન દરે કર કપાત કરવી જરૂરી છે. શેરધારકોને વિનંતી છે કે (ફીઝીકલ મોડમાં શેર ધરાવનારે) કંપનીના રજીસ્ટાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આર એન્ડ ટીએ) જેવા કે KFin Technologies Private Limited (‘Kfintech’) અને (ફીઝીકલ મોડમાં શેર ધરાવનારે) ડીપોઝીટરી પાર્ટિસીપન્ટ પાસે તેમના PAN કાર્ડ અપડેટ કરાવી દેવા.

આવકવેરા કાયદાની કલમ ૧૯૪ હેઠળ, રહેવાસી ભારતીય શેરધારકો માટે નીચે મુજબ વેરો કપાશે :

માન્ય PAN કાર્ડ ધરાવનાર શેરધારકો	**૧૦%**
PAN કાર્ડ / માન્ય PAN* કાર્ડ ન ધરાવનાર શેરધારકો	**૨૦%**
**જે શેરધારકોએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નિયત તારીખે કે તે અગાઉ ર